**મે.અમદાવાદ ખાતેનાં મજૂર અદાલતનાં એડી.ચીફ જ્યુ.મેજીસ્ટ્રેટશ્રી ની કોર્ટમાં, મુ.અમદાવાદ.**
**ફોજદારી કેસ નં. ૩૨૨/૨૦૨૪.**

**આંકઃ–૬**

**ફરિયાદીઃ–** **સરકાર વતી –**
**સરકારી શ્રમ અધિકારી અને સમાન વેતન અધિનિયમ અન્વયેનાં નિરીક્ષક.**
નાયબ શ્રમ આયુક્તની કચેરી, પહેલો માળ, શ્રમ ભવન,
ખાનપુર, અમદાવાદ.

**વિરુદ્ધ**

**આરોપીઓઃ- ૧)** **કમલ ઓપ્ટીક એઈડ પ્રા. લી.**
પ્લોટ નં. ૫/૩૭, જીઆઈડીસી એસ્ટેટ, વટવા, અમદાવાદ

**(૨)** **ડીરેક્ટરશ્રી : પટેલ રાજેશભાઈ એમ.**

રહે. ૭, સરદાર પટેલ સોસાયટી, સ્વામીનારાયણ મંદિર પાસે,
મણીનગર, અમદાવાદ– ૮

**કે/ઓ.** કમલ ઓપ્ટીક એઈડ પ્રા. લી.
પ્લોટ નં. ૫/૩૭, જીઆઈડીસી એસ્ટેટ, વટવા, અમદાવાદ

**ગુન્હોઃ– સમાન વેતન અધિનિયમ ૧૯૭૬ અને સમાન વેતન (ગુજરાત) નિયમો, ૧૯૭૬ હેઠળનાં નિયમ–૬ નાં ભંગ બદલ ગુનો કરવા બાબત.**

**––:: હ ુ કમ ::–**

(૧) ફરિયાદપક્ષનાં કેસની હકીકત ટુંકમાં એવી છે કે, આ કામના ફરિયાદી સમાન વેતન અધિનિયમ ૧૯૭૬ ની કલમ–૯ હેઠળ નિરીક્ષક તરીકે નિમાયેલા છે. આ કામનાં ફરિયાદીએ આરોપી સંસ્થાની મુલાકાત લેતાં **તા. ૧૭–૫–૨૦૨૩** નાં રોજ **સમાન વેતન અધિનિયમ ૧૯૭૬ અને સમાન વેતન (ગુજરાત) નિયમો, ૧૯૭૬ હેઠળનાં નિયમ–૬ નાં ભંગ** મુજબનો શિક્ષાપાત્ર ગુનો કરેલ હોવાની લેખિત ફરિયાદ શ્રી સરકારી અધિકારીએ કોર્ટ સમક્ષ રજુ કરેલ છે.

(૨) ઉપરોક્ત સંદર્ભની ફરિયાદ જે તે વખતે સબંધિત અત્રેની કોર્ટ સમક્ષ ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૧૯૦(૧)(એ) મુજબ ફરિયાદીએ રજુ કરતા સબંધિત કોર્ટ દ્વારા ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૦૦(એ) વંચાણે લઈને ભારતીય ફોજદારી કાર્યરીતિ અધિનિયમની કલમ–૨૦૪ મુજબ ફરિયાદમાં જણાવેલ ગુનાનું સંજ્ઞાન લઈને આરોપીને સમન્સ ઈસ્યુ કરવાનો હુકમ કરેલ હતો.

(૩) હાલની ફરિયાદ અત્રેની અદાલત દ્વારા આ કામનાં આરોપીને સમન્સ કરતા, આરોપી જાતે અત્રેની અદાલત સમક્ષ હાજર થયેલ છે અને તેઓનો ઓથોરીટી લેટર રજુ કરેલ છે, ત્યારબાદ તેઓને વિના મુલ્યે કેસ પેપર્સની નકલો પુરી પાડવામાં આવેલ, ત્યારબાદ તેઓની પ્લી લેવામાં આવેલ, જેમાં તેઓ ગુનો કબુલ કરે છે અને કબુલાત પુરસીસ પણ રજુ રાખેલ છે અને તેઓનો/સંસ્થાનો પ્રથમ ગુનો હોય દરગુજર કરવા તેમજ ભવિષ્યમાં આવો ગુનો ફરીથી નહીં કરે તેવી ખાત્રી આપેલ છે અને આ તેનો પ્રથમ ગુનો હોય રહેમ રાખી ઓછામાં ઓછી શિક્ષા

કરવા અરજ કરેલ છે.

(૪) હાલનાં કામે તહોમતદારએ ગુનાની કબુલાત પુરસીસ રજુ કરતા આરોપીઓને સમજાવવામાં આવેલ કે તેઓ ગુન્હો કબુલ કરવા બંધાયેલ નથી અને તેઓ ગુન્હો કબુલ કરશે તો આવી કબુલાત તેઓ વિરુદ્ધ પુરાવા તરીકે ઉપયોગમાં લેવાશે, આમ છતાં તેઓ તમો તહોમતદાર વતી હાલનો ગુનો કબુલ કરતા હોવાનું જણાવે છે.

(૫) ઉપરોક્ત રજુઆત તથા કેસની હકીકત તથા કાયદામાં કરવામાં આવેલ સજાની જોગવાઈ ધ્યાનમાં લેતા, આ કામે તહોમતદાર તે કંપનીનાં જવાબદાર અધિકારી હોય, તેમજ તેઓ સ્વેચ્છાપુર્વક રાજી ખુશીથી હાલનો ગુનો તેમનાં ઓથોરાઈઝ્ડ પરસન મારફતે કબુલ રાખતા હોય, હાલનાં તહોમતદારને શિક્ષાત્મક સજા કરવાને બદલે દંડાત્મક શિક્ષા કરવામાં આવશે તો ન્યાયનો હેતુ જળવાઈ રહેશે તેવુ અત્રેની કોર્ટનું માનવુ છે. સવિશેષ નામદાર ગુજરાત હાઈકોર્ટ દ્વારા સ્ટેટ ઓફ ગુજરાત વિરુદ્ધ નટવર હરચંદજી ઠાકોર રીપોર્ટેડ ઈન ૨૦૦૫(૧) જી.એલ.આર. પાનું-૭૦૯ નાં ચુકાદામાં પ્રસ્થાપિત કરેલ સિદ્ધાંતને લક્ષમાં લેતાં, હાલનાં આરોપી વિરુદ્ધ ગુનો સાબિત થયેલ છે તેમજ તેઓની રજુઆતને ધ્યાનમાં લઈ નીચે મુજબનો આખરી હુકમ ફરમાવવામાં આવે છે.

**--:: હુ ક મ ::--**

૧) સદર કામે આરોપીઓને ક્રિ.પ્રો.કો.કલમ-૨૫૨ અન્વયે **સમાન વેતન અધિનિયમ ૧૯૭૬ અને સમાન વેતન (ગુજરાત) નિયમો, ૧૯૭૬ હેઠળનાં નિયમ-૬ નાં ભંગ બદલ** તકસીરવાન ઠરાવી દરેક આરોપીને દરેક નિયમનાં ભંગ બદલ આરોપીને કુલ **રૂા. ૫,૦૦૦/-(અંકે રૂપિયા પાંચ હજાર પુરા)** નો દંડ, એમ કુલ ૨ આરોપીઓને **રૂા. ૧૦,૦૦૦/- (અંકે રૂપિયા દસ હજાર પુરા)** નો દંડ ભરવાની સજા ભોગવવા હુકમ કરવામાં આવે છે. આરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત **શ્રી પટેલ રાજેશ મણીલાલ** નાઓને ઉપરોકત દંડની ભરવાની સજા કરવામાં આવે છે.

**(૨)** આરોપી વતી ઓથોરીટી આધારે હાજર રહેનાર વ્યકિત **પટેલ રાજેશ મણીલાલ** દંડની રકમ ભરવાની કસૂર કરે તો તેઓએ એક માસની સાદી કેદની સજા ભોગવવાની રહેશે.

**૩)** આરોપીએ ભરેલ દંડની રકમ સરકારશ્રીમાં જમા કરવી.

આ હુકમ આજરોજ તા.૦૯-૦૩-૨૦૨૪ નાં રોજ અત્રેની કોર્ટનાં સ્પેશ્યલ સીટીંગ દરમ્યાન વાંચી સંભળાવી, સહી કરી જાહેર કરવામાં આવે છે.

તારીખ : ૦૯-૦૩-૨૦૨૪.
સ્થળ : અમદાવાદ.

**(કુત્બુદ્દીન નુરમોહંમદ સરવૈયા)**
**CODE : GJ00966**
**એડિશનલ ચીફ જ્યુડિશ્યલ મેજીસ્ટ્રેટ,**
**ન્યાયાધીશ (સિનિયર ડિવીઝન)**
**લેબર કોર્ટ, અમદાવાદ.**